# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: વિરલ રાણા**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૩૦-૦૫-૨૦૨૪ ગુરુવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## ટી.આર.પી. ગેમઝોન-ડીએનએ:

રાજકોટ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટનાના ૨૭ હતભાગીઓનાં ડી.એન.એ. મેચીંગના આધારે ઓળખ કરવામાં આવી છે. રાજ્યના રાહત કમિશનરે જણાવ્યું હતું કે. ટી.આર.પી. ગેમ ઝોનમાં બનેલી દુ:ખદ ઘટના સંદર્ભે જિલ્લા વહીવટી તંત્ર તથા રાજકોટ પોલીસે તબક્કાવાર રીતે પગલાં લઇને મૃતકોના ડીએનએ મેચિંગની કાર્યવાહી પૂર્ણ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે , હાલ કોઈ પણ વાલી વારસ તરફથી તેમના પરીવારજનો ગુમ હોવાની ફરીયાદ પેન્ડીંગ નથી અને ૨૭ મૃતદેહો તેમના પરીવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. આમ છતાં હજુ પણ કોઈ વ્યક્તિની ઓળખ આગ દુર્ઘટના પછી મળતી ના હોય અને તેમના પરિવારજનોને શંકા હોય તો રાજકોટ શહેર પોલીસ કન્ટ્રોલ રૂમ નંબર ૦૨૮૧ ૨૪૫૭૭૭૭ (૧૦૦) નો સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

(RNU અમદાવાદ)

---

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ-અવલોકન પ્રક્રિયા:

ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓએ રૂબરૂ અવલોકન માટે કરેલી અરજીઓની અવલોકન પ્રક્રિયા 6 ઠ્ઠી જૂનથી 8મી જૂન દરમિયાન રાખવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવ્યા પ્રમાણે ઉત્તરવહી અવલોકનમાં ઉપસ્થિત રહેવા માટે અરજી કરનાર ઉમેદવારે સમય, સ્થળ અને તારીખ જેવી વિગતો દર્શાવતો કોલ લેટર વેબસાઇટ sci.gseb.org અને gseb.org પર પોતાનો બેઠક નંબર પોતાના મોબાઇલ નંબર પર આજથી મેળવી શકશે. આ માટે કોલલેટર, હોલટિકિટ પ્રમાણપત્રની નકલ અને અવલોકન માટે ફી ભર્યાની રસીદ સાથે ઉપસ્થિત રહેવાનું થશે.

(RNU અમદાવાદ)

---

## પ્રા. શાળા-સલામતી પરિપત્ર:

રાજકોટ ગેમઝોન દુર્ઘટના બાદ તમામ ક્ષેત્રોમાં સલામતીના નિયમોના ચુસ્ત અમલ કરાવવા આદેશો બહાર પડયા છે, જેમાં રાજ્યની તમામ સરકારી , અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સલામતીનાં પગલાં લેવા પરિપત્ર બહાર પડાયો છે.

પરિપત્ર મુજબ શાળાઓના સલામતીના ધોરણો જાળવવા સાથે બાળકોને લેવા-મૂકવા જતાં વાહનોમાં પણ માર્ગ સલામતીના નિયમો સુનિશ્ચિત કરવા પણ દરેક જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને સૂચના આપી છે, તો પરિવહન મુદ્દે વાલીઓમાં જાગૃતિ લાવવા પ્રયત્ન કરવા, વાલી માટિંગમાં વાહન સલામતીની બાબત નિયમિત મૂકવા, રિક્ષા, વેન કે સ્કૂલ બસોમાં નિયત સંખ્યા કરતાં વધુ બાળક બેસાડવામાં ન આવે તે જોવાની જવાબદારી શાળા સંચાલકની રહેશે તો વધુ બાળકો બેસેલા જણાય તો સંચાલક , વાલીએ સંબંધિત આર.ટી.ઓ. , ટ્રાફિક પોલીસને જાણ કરવા સહિતના આદેશ પરિપત્રમાં કરાયા છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## પ્રિ. મોન્સુન કામગીરી-ભુજ ન.પા.:

આગામી વરસાદ અને ભારે પવનની શક્યતા ધ્યાને લઈ ભુજ નગરપાલિકા દ્વારા જોખમી અને જર્જરીત જાહેરાતના બોર્ડ ઉતારી લેવા તેમજ નગરપાલિકા હસ્તકની દુકાનો સહિતના સ્થાનોને સુરક્ષાના પગલાં લેવા તાકિદ કરતી નોટીસ પાઠવાઈ હતી.

તો, ભારે પવન ફુંકાઈ શકે તેવા સંજોગોમાં અઘટીત ઘટના ન ઘટે તે માટે આગોતરા પગલાં રૂપે શહેરમાં અલગ અલગ સ્થળોએ લગાવાયેલા જોખમી હોર્ડિંગ્સ , જાહેરાતોના નાના બોર્ડ સહિતને કલેકટરની સૂચનાને પગલે દૂર કરવામાં આવ્યા હતા.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## પર્યાવરણ થીમ ચિત્ર સ્પર્ધા-વન વિભાગ :

પાંચમી જૂનના દિવસે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે લોકોમાં પર્યાવરણ જાગૃતિ તથા પર્યાવરણ પ્રત્યે સંવેદના કેળવાય એ હેતુથી સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ધોરણ 8થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ઓપન ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓએ ઘરે જ પર્યાવરણની થીમના ચિત્ર બનાવી ચિત્રના પાછળના ભાગે વિદ્યાર્થીનું નામ, સરનામું, સંપર્ક નંબર તથા શાળાનું નામ અને ધોરણ લખી મોકલવાનું રેહશે. વિદ્યાર્થીઓએ બનાવેલા ચિત્ર આગામી તા. ત્રીજી જૂન સુધી નાયબ વન સંરક્ષક , બહુમાળી ભવન-ભુજ ખાતે મોકલવાના રહેશે. પાંચમી જૂન વિશ્વ પર્યાવરણ દિવસે વિજેતા ને સન્માનિત

કરવામાં આવશે, તેમ નાયબ વન સંરક્ષક સામાજિક વનીકરણ એચ.વી. મકવાણાની યાદીમાં જણાવાયું છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## કચ્છ કોઈન સોસાયટી-પ્રદર્શન અને ચિત્ર સ્પર્ધા:

કચ્છ કોઈન સોસાઈટીના સ્થાપના દિવસ નિમિત્તે તા. પહેલી જુનના રીજીયોનલ સાયંસ સેન્ટર ભુજ ખાતે જુના અને નવા ચલણી સિક્કા અને જૂની તથા નવી ટપાલ ટીકીટોનું પ્રદર્શન તેમજ છાત્રો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન યોજાનાર આ પ્રદર્શનનો લાભ લેવા રસ ધરાવતા લોકોને ઉપસ્થિત રહેવા સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## આંચકો:

આજે સવારે ૧૦ વાગીને ૧૯ મીનીટે ભચાઉથી 9 કિલોમીટર દૂર ઉત્તર પૂર્વી દિશાએ કેન્દ્રબિંદુ ધરાવતો 2.8ની તિવ્રતાનો આફ્ટર શોક ગાંધીનગર સ્થિત સિસમોલોજી કચેરી ખાતે નોંધાયો હતો. જો કે, મધ્યમ કક્ષાના આંચકાથી જાનમાલને કોઈ નુકશાની પહોંચી નથી.

(સ્થાનિક સમાચારપત્ર)

---

## હવામાન:

કચ્છ જીલ્લામાં પવનની ઝડપમાં વધારો થતા અંગ દઝાડતા પ્રખર તાપથી લોકોને મોટી રાહત મળી છે. હવામાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતા ઉકળાટ અનુભવાયો હતો. હવામાન વિભાગે વધુ ત્રણ દિવસ પવનનું જોર યથાવત રહે તેવી આગાહી કરી છે.

(સ્થાનિક સમાચારપત્ર)

---